# બટાટાના ભાવનો વરતારો, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૨

બટાટાનું ઉત્પાદન વિશ્વના સો કરતાં વધુ દેશોમાં કરવામાં આવે છે. વિશ્વમાં બટાટાના ઉત્પાદનમાં માત્ર એશિયાનો હિસ્સો અડધો છે, તેમાં ચીન અને ભારત લગભગ ૩૮% હિસ્સો ધરાવે છે. વિશ્વમાં બટાટાના વાવેતર વિસ્તારની દ્રષ્ટિએ ભારત ત્રીજા ક્રમે છે અને ઉત્પાદનમાં ચીન પછી બીજા ક્રમે છે. બટાટાનું વૈશ્વિક ઉત્પાદન વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૫૪.૮ મિલિયન ટન થયેલ જે વધીને વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૫૯.૦૭ મિલિયન ટન નોંધાયેલ.

વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન કુલ વૈશ્વિક નિકાસમાં, નેધરલેન્ડ (૧૮.૭ %), ફ્રાન્સ (૧૬ %), જર્મની (૮.૮%), કેનેડા (૬.૯ %) અને ચીન (૬.૮%) બટાટાના મુખ્ય નિકાશકર્તા દેશો છે. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન ભારત દેશની નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ વિશ્વની કુલ નિકાસના ૧.૬૭ % જેટલી છે.

ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, પંજાબ અને ગુજરાત બટાટાના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. મોટાભાગના ખેડૂતો ઓકટોબર થી નવેમ્બર વચ્ચે રવિ સિઝનમાં બટાટાની વાવણી કરે છે. ભારતમાં ૨૦૨૦-૨૧ દરમ્યાન, બટાટાનો વાવેતર વિસ્તાર ૨૨.૪૮ લાખ હેક્ટર હતો અને ઉત્પાદન ૫૪૨.૩ લાખ મેટ્રિક ટન હતું જે વર્ષ ૨૦૧૯-૨૦માં અનુક્રમે ૨૦.૫૧ લાખ હેક્ટર અને ૪૮૫.૬૨ લાખ મેટ્રિક ટન નોંધાયેલ. કિંમત અને ઉપલબ્ધતાના આધારે ભારતમાં બટાટાનો વાર્ષિક વપરાશ ૩૨-૩૫ મિલિયન ટન વચ્ચે રહે છે.

ગુજરાતમાં, વર્ષ ૨૦૨૧-૨૨માં બટાટાનો વાવેતર વિસ્તાર અંદાજે ૧.૨૬ લાખ હેક્ટર નોંધાયેલ છે (બીજો આગોતરો અંદાજ કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત, ૨૦૨૧-૨૨) જે વર્ષ ૨૦૨૦-૨૧માં ૧.૨૫ લાખ હેક્ટર રહેલ (અંતિમ આગોતરો અંદાજ કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત, ૨૦૨૦-૨૧). ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨માં બટાટાનું ઉત્પાદન ૩૮.૩૦ લાખ મેટ્રિક ટન રહેવાની સંભાવના છે, જે ૨૦૨૦-૨૧માં ૩૯.૧૩ લાખ મેટ્રિક ટન હતું .

છેલ્લા વર્ષમાં કોરોનાની મહામારીને કારણે બટાટાના ભાવમાં વધારો થયો હતો, સાથે દેશના મોટા ભાગના લોકો માટે બટાટા મુખ્ય ખોરાક હોવાથી તે સમયે તેની માંગ ઊભી થઇ હતી. ગયા વર્ષે દેશમાં વિપુલ પ્રમાણમાં બટાટાનું ઉત્પાદન થયેલ હોવાથી કેટલાક પ્રમાણનું ઉત્પાદન હજુ પણ કોલ્ડ સ્ટોરેજમાં છે. હવે, ખેડૂતો તેમના આ વર્ષના નવા ઉત્પાદન સાથે બજારમાં આવવાનું શરૂ કરશે. વધુમાં, આ વર્ષે બટાટા માટે હવામાન અનુકૂળ હોઈ ગુજરાતમાં બટાટાનું વિપુલ પ્રમાણ માં ઉત્પાદન થવાની સંભાવના છે. તેમ છતાં, દેશના ઉત્તરીય રાજ્યોમાં કમોસમી વરસાદ અને કરા પડવાથી બટાટા તેમજ અન્ય રવિ પાકને નુકસાન થયું છે. જેને કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં પાકની કાપણીમાં થોડા દિવસોનો વિલંબ થઈ શકે છે. વધુમાં, ખેતરમાં વરસાદ અને પાણી ભરાઈ ગયેલી સ્થિતિને કારણે બ્લાઈટ જેવા રોગથી બટાટાના ઉત્પાદનને નોંધપાત્ર રીતે અસર થઈ શકે છે. જેમાં ભારે વરસાદથી પંજાબ અને ઉત્તર પ્રદેશમાં બટાટાની વાવણીના ૧૦-૧૫% જેટલા વિસ્તારને નુકસાન થયું છે.

જાન્યુઆરી ૨૦૨૦માં ગુજરાતના બજારોમાં બટાટાના ભાવ રૂ.૧૫૩૧ પ્રતિ ક્વિન્ટલ હતા, જે ઘટીને ફેબ્રુઆરીમાં રૂ.૧૧૦૫ અને માર્ચમાં રૂ.૧૨૫૦ પ્રતિ ક્વિન્ટલ રહ્યા હતા, જ્યારે વર્ષ ૨૦૨૧ના જાન્યુઆરીમાં બટાટાનો ભાવ રૂ.૧૩૫૦ રહેલ જે સતત ઘટીને ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં અનુક્રમે રૂ.૮૮૯ અને રૂ.૭૬૦ રહેલ. હાલ જાન્યુઆરી મહિનામાં ગુજરાતના વિવિધ બજારમાં બટાટાના ભાવ રૂ.૧૨૧૦ પ્રતિ ક્વિન્ટલ જેટલા પ્રવર્તમાન છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની સંશોધન ટીમે ગુજરાત રાજ્યના અમદાવાદ માર્કેટ યાર્ડના બટાટાના છેલ્લા ૧૭ વર્ષના સાપ્તાહિક ભાવોનું વિશ્લેષણ કરેલ છે. જેનાં તારણ મુજબ અનુમાન છે કે **ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૨ દરમ્યાન (લણણી સમયે) બટાટાના ભાવ રૂ.૧૬૫ થી ૨૦૫ પ્રતિ મણ (રૂ. ૮૨૫ થી ૧૦૨૫ પ્રતિ ક્વિન્ટલ)** રહેવાની સંભાવના છે. જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ, બટાટા વેચવા અથવા સંગ્રહ કરવાનો નિર્ણય ખેડૂતભાઈઓ પોતાની રીતે લઈ શકે છે.

*નોંધ: આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ફેરફાર, નિકાસ અથવા આયાત પ્રતિબંધો વગેરે જેવા કોમોડિટી બજારોમાં નવા પરિવર્તનો ને કારણે આગાહી કરેલા ભાવો કરતાં વાસ્તવિક ભાવોમાં ફેરફાર થઈ શકે છે. ભાવોનો આ અંદાજો અગાઉના વર્ષોના માસિક ભાવોનું વિશ્લેષણ અને આંકડાકીય મોડેલના તારણ પરથી કરેલ છે તેથી વાસ્તવિક બજાર ભાવ અને આગાહી કરેલા ભાવ સમાન ન પણ રહી શકે.*